મીડિયા અહેવાલ બાદ ચનવાડા ગ્રામ પંચાયત હરકતમાં આવી

ચનવાડામાં સરકારી જમીન પર થયું વૃક્ષોનું ગેરકાયદે કટીંગ: તંત્ર હરકતમાં

ગ્રામ પંચાયતના તલાટીએ મામલતદારને કાર્યવાહીની માંગ સાથે લખ્યો પત્ર

(પ્રતિનિધિ) ડભોઇ, તા.20

ડભોઈ તાલુકાના ચનવાડા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આશરે 10 થી 15 જેટલા વિવિધ પ્રકારના લીલાછમ વૃક્ષોના કટીંગનો મામલો પ્રકાશમાં આવતા મીડિયામાં અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. મીડિયા અહેવાલ બાદ ગ્રામ પંચાયત તંત્ર હરકતમાં આવ્યું હતું.

ચનવાડા ગ્રામ પંચાયતના તલાટીએ પંચોની હાજરીમાં સ્થળ પર જઈ પંચનામું તૈયાર કર્યું હતું. ત્યારબાદ ડભોઈ મામલતદારને પત્ર લખી બિનપરવાનગીથી વૃક્ષોનું કટીંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

તલાટી દ્વારા મોકલાયેલા પત્રમાં જણાવ્યા મુજબ ચનવાડા ગામની સીમમાં આવેલા ખાતા નંબર 269, સર્વે નંબર 378, ક્ષેત્રફળ 1-03-77ની સરકારી પડતર (રોડ સંપાદન)

જમીનમાંથી આશરે 10 જેટલા વૃક્ષો રમેશભાઈ પટેલ ઉર્ફે રમણભાઈ દ્વારા કાપવામાં આવ્યા હોવાનું નોંધવામાં આવ્યું છે. કાપવામાં આવેલા વૃક્ષોમાં આંબો, લીમડો, ગોરસ અને સરગવા સહિતના લીલાછમ વૃક્ષોનો સમાવેશ થાય છે.

હવે સમગ્ર મામલે ડભોઈ મામલતદાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તે જોવાનું રહ્યું. જવાબદારો સામે કાયદેસર કાર્યવાહી થશે કે પછી આ રજૂઆત માત્ર સરકારી ફાઈલોમાં જ સીમિત રહી જશે, તે આવનારા દિવસોમાં સ્પષ્ટ થશે.

મહુવડ ગામે તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત

પાદરા : પાદરા તાલુકાના મહુવડ ગામે આવેલા માલા તલાવડીમાં ડૂબી જતાં મુજપુર ગામના ૩૯ વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે વડુ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ, મુજપુર ગામે વેરાઈ માતાના મંદિર પાસે રહેતા સુરજસિંહ પ્રવિણભાઈ પરમાર (ઉ.વ. ૩૯) છેલ્લા લગભગ એક વર્ષથી માનસિક અસ્થિરતાથી પીડાતા હતા અને ગામમાં આમતેમ ફરતા રહેતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. તેઓ મહુવડ ગામે આવેલા માલા તલાવડી પાસે પહોંચ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ તળાવમાં નાહવા દરમિયાન તેઓ પાણીમાં ડૂબી જતાં તેમનું મોત નીપજ્યું હતું.

ગામમાં ભયનો માહોલ, કૂતરાને પાંજરે પૂરવાની ગ્રામજનોની માંગ

કાવીઠામાં હડકાયેલા કૂતરાનો આતંક, ૧૦ થી ૧૨ લોકોને બચકાં ભર્યા

ઈજાગ્રસ્તોને સંખેડા રેફરલ હોસ્પિટલમાં સારવાર, એન્ટી-રેબીઝ રસી અપાઈ

(પ્રતિનિધિ) સંખેડા, તા.20

સંખેડાના કાવીઠા ગામે અચાનક એક હડકાયેલું કૂતરું ઘસી આવ્યું હતું. તેણે રસ્તા પરથી પસાર થતા અને ઘર આંગણે બેઠેલા ૧૦ થી ૧૨ જેટલા વ્યક્તિઓ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

તમામ ઈજાગ્રસ્તોને તાબડતોબ સંખેડા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબો દ્વારા તેઓને એન્ટી-રેબીઝ રસી અને પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

ગામમાં ભયનો માહોલ આ હિંસક હુમલા બાદ કાવીઠા ગામના લોકોમાં ફફડાટ ફેલાયો છે. ગ્રામજનો પોતાના ઘરના દરવાજા બંધ રાખવા અને નાના બાળકોને ઘરની અંદર જ રાખવા મજબૂર બન્યા છે. કાવીઠા ગામમાં એટલી હદે ભયનું સામ્રાજ્ય ફેલાયું છે કે ગ્રામજનોએ ફરજિયાત પણે પોતાના રક્ષણ માટે હાથમાં લાકડી લઈને ફરવું પડી રહ્યું છે.

ગ્રામજનોની માંગ કૂતરું હજુ પણ ખુલ્લેઆમ ફરી રહ્યું હોવાથી સ્થાનિક તંત્ર અને વન વિભાગ વહેલી તકે આ હડકાયેલા કૂતરાને પાંજરે પૂરે તેવી લોક માંગ ઉઠી છે.

કરજણ તળાવ પરિસરમાં લાઈટિંગ અને સાઉન્ડ સિસ્ટમથી વિશેષ સજાવટ

ગૌરીવ્રતે કરજણમાં બાળાઓ-મહિલાઓ માટે સુરક્ષિત ઉજવણીની અનોખી પહેલ

(પ્રતિનિધિ) કરજણ, તા.20

આગામી દિવસોમાં જ્યારે ગૌરીવ્રતનો પવિત્ર અવસર નજીક આવી રહ્યો છે, ત્યારે કરજણ નગરપાલિકાએ એક અનોખી અને પ્રશંસનીય પહેલ હાથ ધરી છે. આ પહેલ માત્ર તહેવારની ઉજવણીને વધુ સુખદ બનાવશે નહીં, પરંતુ બાળાઓ અને મહિલાઓની સુરક્ષા અને શાંતિને પણ પ્રાધાન્ય આપશે.

કરજણ નગરપાલિકા દ્વારા જૂનાબજાર ખાતે આવેલા સ્વામી વિવેકાનંદ તળાવને ગૌરીવ્રત દરમિયાન એક રમણીય અને સુરક્ષિત સ્થળમાં પરિવર્તિત કરવામાં આવી રહ્યું છે. આ માટે તળાવની આસપાસ સુંદર લાઈટિંગ અને સાઉન્ડ સિસ્ટમ

ગોઠવવામાં આવી રહી છે. આ વ્યવસ્થા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ઉપવાસ કરનારી બાળાઓ અને મહિલાઓ આવા શાંત અને રમણીય વાતાવરણમાં બેસી શકે, ભક્તિભાવપૂર્વક પોતાના વ્રતની ઉજવણી કરી શકે અને તહેવારનો આનંદ માણી શકે.

સામાન્ય રીતે ગૌરીવ્રત દરમિયાન બાળાઓ અને મહિલાઓ રાત્રિના સમયે બહાર નીકળીને વિવિધ સ્થળોએ એકત્ર થતી હોય છે. આનાથી તેમની સુરક્ષાને લઈને ચિંતાઓ ઊભી થતી હોય છે. કરજણ નગરપાલિકાની આ પહેલનો એક મહત્વપૂર્ણ હેતુ એ પણ છે કે બાળાઓ અને મહિલાઓને રોડ પર ભીડમાં જવાની જરૂર ન પડે. તેના બદલે, તેઓ સ્વામી વિવેકાનંદ તળાવના સુરક્ષિત અને શાંત વાતાવરણમાં એકબીજા સાથે મળી શકે, ગીતો ગાઈ શકે અને તહેવારની ઉજવણી કરી શકે.

બોડેલીમાં રાજપૂત સમાજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 20

બોડેલી ખાતે રાજપૂત સમાજ ઉત્કર્ષ મંડળની વાર્ષિક સાધારણ સભા ભવ્ય અને ગૌરવપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ અવસરે મંડળના અધ્યસ્થાપક દાદાશ્રી રામસિંહજી દિપસિંહજી વાંસદિયાના જન્મદિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. સભા દરમિયાન શિક્ષણ, રમતગમત, સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા અન્ય વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ મેળવનાર સમાજના 51 તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ રાજકીય ક્ષેત્રે ચૂંટાયેલા તેમજ વિવિધ હોદ્દાઓ પર નવી નિમણૂક પામેલા સમાજના સભ્યોનું પણ રાજપૂત સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દોલતસિંહ ઘરીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે બોડેલી નગરપાલિકાના સભ્ય યશપાલસિંહ ઠાકોરે પોતાના સંબોધનમાં સમાજના સર્વાંગી વિકાસ, શિક્ષણના પ્રોત્સાહન અને સામાજિક એકતાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો.

પરંપરાગત વેશભૂષામાં શપથ, ગુજરાતનું ગૌરવ વધાર્યું

કવાંટ રાયસિંગપુરાના ડો. મુકેશ રાઠવાએ રાજ્યસભા સાંસદ તરીકે શપથ લીધા

(પ્રતિનિધિ) કવાંટ, તા.20

ગુજરાત માટે ગૌરવની પળકવાંટ તાલુકાના રાયસિંગપુરા ગામના યુવા નેતા અને ચિકિત્સક ડો. મુકેશભાઈ જામસિંહભાઈ રાઠવાએ આજે 20 જુલાઈ 2026 ના રોજ નવી દિલ્હી ખાતે રાજ્યસભાના સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા રાજ્યસભાના અધ્યક્ષ માનનીય સી.પી. રાધાકૃષ્ણનની ઉપસ્થિતિમાં યોજાયેલા શપથવિધિ સમારોહમાં ડો. મુકેશભાઈએ ભારતના બંધારણ પ્રત્યે નિષ્ઠા રાખીને પદની ફરજો શ્રદ્ધાપૂર્વક નિભાવવાની શપથ લીધી શપથ દરમિયાન તેમણે કહ્યું: "હું ડો. મુકેશભાઈ જામસિંહભાઈ રાઠવા, જે રાજ્યસભાના સદસ્ય

નિર્વાચિત થયો છું, ઈશ્વરની શપથ લઉં છું કે હું વિધિ દ્વારા સ્થાપિત ભારતના સંવિધાન પ્રત્યે સાચી શ્રદ્ધા અને નિષ્ઠા રાખીશ. હું ભારતની પ્રભુતા અને અખંડતા જાળવીશ અને જે પદ હું ગ્રહણ કરવા જઈ રહ્યો છું તેના કર્તવ્યો શ્રદ્ધાપૂર્વક નિભાવીશ."આદિવાસી સમાજ અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ નારંગી પાઘડી અને પરંપરાગત કેડીયામાં સજ્જ થઈને શપથ લેતા ડો. મુકેશભાઈ રાઠવાનો દેખાવ આખા સદનનું ધ્યાન ખેંચી ગયો. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના રાયસિંગપુરા જેવા નાના ગામથી નીકળીને દિલ્હીની રાજ્યસભા સુધી પહોંચેલા તેમના આ પ્રવાસે સમગ્ર આદિવાસી વિસ્તારમાં ખુશીનો માહોલ સર્જ્યો છે. ભાજપ તરફથી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહેલા ડો. રાઠવા યુવા ચહેરા તરીકે ઓળખાય છે. ગ્રાઉન્ડ લેવલ પર જનસેવા અને સામાજિક કાર્યોમાં સક્રિય રહેલા ડો. મુકેશભાઈ હવે રાષ્ટ્રીય સ્તરે ગુજરાત, ખાસ કરીને આદિવાસી સમાજના પ્રશ્નોને વધુ મજબૂત રીતે રજૂ કરશે તેવી અપેક્ષા છે.

બોડેલીમાં રિક્ષા સ્ટેન્ડની માંગ સાથે રજૂઆત

બોડેલી, અલીપુરા અને ઢોકલીયામાં કાયમી સ્ટેન્ડ ફાળવવાની માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 20

બોડેલી નગરમાં ઓટોરિક્ષા ચાલકો દ્વારા કાયમી રિક્ષા સ્ટેન્ડની માંગ સાથે આજે બોડેલી નગરપાલિકા પ્રમુખ ઉમેશભાઈ રાઠવાને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આશરે 100 જેટલા ઓટોરિક્ષા ચાલકો એકત્ર થઈ નગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને બોડેલી, અલીપુરા તથા ઢોકલીયા વિસ્તારમાં રિક્ષા માટે કોઈ કાયમી સ્ટેન્ડ ન હોવાને કારણે રોજિંદી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

રિક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, યોગ્ય સ્ટેન્ડના અભાવે તેમને ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. રસ્તા પર રિક્ષા ઊભી રાખતાં ફોર-વ્હીલર ચાલકો તેમજ સ્થાનિક વેપારીઓ અને દુકાનદારો દ્વારા રિક્ષા હટાવવા માટે વારંવાર દબાણ અને કનડગત કરવામાં આવે છે, જેના કારણે રોજગાર ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે રિક્ષા ચાલકોએ નગરપાલિકા વિસ્તારમાં વિવિધ સ્થળોએ કાયમી પિકઅપ પોઈન્ટ અથવા રિક્ષા સ્ટેન્ડ ફાળવવાની માંગ કરી હતી.

મહુવડ ચોકડી પાસે મહિલાનો જ્વલનશીલ પ્રવાહી છાંટી આત્મવિલોપનનો પ્રયાસ

પાદરા : પાદરા તાલુકાના મહુવડ ચોકડી નજીક રણુ રોડ પર સાબુની ફેક્ટરી પાસે રહેતી ૫૫ વર્ષીય મહિલાએ પોતાના ઘરે સંડાસમાં જ્વલનશીલ પ્રવાહી વડે પોતાને સળગાવી આત્મવિલોપનનો પ્રયાસ કરતાં ગંભીર રીતે દાઝી જવાની ઘટના સામે આવી છે. હાલ મહિલાની ડભાસા ક્રોસરોડ હોસ્પિટલના ICU વિભાગમાં સારવાર ચાલી રહી છે. મહુવડ ચોકડી પાસે રહેતી કોકિલાબેન રમણભાઈ પરમાર છેલ્લા આશરે આઠ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. તેમણે પોતાના નિવાસસ્થાને સંડાસમાં કોઈ જ્વલનશીલ પ્રવાહી વડે પોતાને સળગાવી દીધા હતા. આ ઘટનામાં તેઓ ગંભીર રીતે દાઝી જતા તાત્કાલિક સારવાર માટે ડભાસા ક્રોસરોડ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે ૩૬ કલાકમાં ૧૭ વર્ષના સગીરને ઝડપ્યો

સાવલીના કરચિયા કેનાલ પાસે ૬૪ વર્ષીય વૃદ્ધની હત્યાનો ભેદ ઉકેલાયો

પશુ વેચાણની તકરાર અને નાણાંની લાલચમાં સગીરે કરી વૃદ્ધની હત્યા

(પ્રતિનિધિ) સાવલી, તા.20

સાવલીના કરચિયા રોડ પર આવેલ કેનાલમાં 64 વર્ષીય રમણભાઈ રાઠોડિયાની લાશ મળી હતી અને પ્રાથમિક નજરમાં હત્યા થઈ હોવાનું જણાતું હતું સમગ્ર ઘટનાને પગલે સાવલી પીઆઈ કે જે ચૌહાણ એ વિવિધ ટીમો બનાવીને અલગ અલગ પાસા ઉપર તપાસ હાથ ધરી હતી અને તપાસના અંતે પશુ વેચાણના પૈસાની માથાકૂટમાં 17 વર્ષના સગીરે હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે અને સાવલી પોલીસે 36 કલાકમાં ગુનો ઉકેલી મોટી સફળતા મેળવી છે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક રમણ રાઠોડિયા અને સગીર વચ્ચે પશુ વેચાણના પૈસાની બાબતે લાંબા સમયથી તકરાર ચાલી રહી હતી. ઘટનાના દિવસે બંને વચ્ચે ફરી એકવાર ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા સગીરે રમણ રાઠોડિયા પર જીવલેણ હુમલો કરતાં તેમનું મોત નીપજ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ સાવલી પોલીસે સ્થળ પર પહોંચી પુરાવા એકત્ર કર્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વિવિધ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ, સ્થાનિક સૂત્રો પાસેથી મળેલી માહિતી તેમજ અન્ય પુરાવાઓના આધારે પોલીસે માત્ર 36 કલાકમાં આરોપી સુધી પહોંચી જવામાં સફળતા મેળવી હતી.પોલીસ તપાસ દરમિયાન કાયદાના સંઘર્ષમાં આવેલા 17 વર્ષના સગીરની સંડોવણી સામે આવતા તેની અટકાયત કરવામાં આવી છે. હાલ પોલીસ સગીર પાસેથી ઘટનાની સંપૂર્ણ હકીકત, હત્યામાં વપરાયેલા સાધન સહિત અન્ય મુદ્દાઓ અંગે સઘન પૂછપરછ કરી રહી છે.

બોડેલી-છોટાઉદેપુર હાઈવે પર ક્રેનની ટક્કરે બાઈક ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) બોડેલી, તા. 20

છોટાઉદેપુર હાઈવે પર આવેલ રાજકોટ મશીનરી સામે આજે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, ક્રેન ના ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈકને ભારે નુકસાન પહોંચ્યું હતું, જ્યારે બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં અરેરાટીનો માહોલ સર્જાયો હતો.

અકસ્માતની ઘટના બનતા જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને તાત્કાલિક મદદ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. 108ની ટીમે ઈજાગ્રસ્તને પ્રાથમિક

સારવાર આપી વધુ સારવાર અર્થે બોડેલી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો.

ઈજાગ્રસ્ત બાઈક ચાલકની ઓળખ નયનભાઈ દેસીંગભાઈ લીંબાણી તરીકે થઈ છે, જેઓ લીંબાણી ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતને પગલે થોડા સમય માટે હાઈવે પર વાહન વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડતાં ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ હતી.

હાંડોદ-બહાદરપુર માર્ગ પર ખાડાઓથી વાહનચાલકો પરેશાન

વરસાદી પાણી ભરાતા અકસ્માતનો ભય વધ્યો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 20

સંખેડા તાલુકાના હાંડોદ અને બહાદરપુર સ્વામિનારાયણ મંદિરથી લઈને ટાવર સુધીના રસ્તા ઉપર મોટા ખાડાઓની ભરમાર થઈ ગઈ છે. સંખેડા તાલુકાના બહાદરપુર ગામના મુખ્યમાર્ગ રસ્તા ઉપર પડેલા મસમોટા ખાડામાં વરસાદી પાણી ભરતાં વાહન ચાલકોને ભારે હાલાકી પડી રહી છે. હાંડોદ ચોકડી સર્કલ પાસે છે. આ ગાબડા પૂરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

તાજેતરમાં જ પડેલા વરસાદના પાણી ભરાઈ ગયેલાં જોવા મળે છે. ગાબડામાં ભરાયેલા પાણીના

કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સંખેડાથી ગોલાગામડી-વડોદરાને જોડતો આ મુખ્યમાર્ગ હોવાના કારણે આ રસ્તા ઉપર દિવસભર સતત વાહનવ્યવહાર ચાલુ રહેતો હોય છે. આ તમામ વાહનચાલકોને માર્ગ પર પડેલા ગાબડાંમાં ચોમાસામાં વરસાદ પડતાંની સાથે જ પાણી ભરાઈ જાય છે. પાણીના નિકાલ માટેની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે અહીં પાણી ભરાઈ રહે છે. ચોકડી ઉપર પણ સતત વાહનવ્યવહાર ચાલુ જ રહે છે.

ભારતમાલા એક્સપ્રેસ-વે પરથી ૩.૮૪.૧૯ લાખનો દારૂ ઝડપાયો

૫૫ હજારથી વધુ દારૂની બોટલો અને ટ્રક સહિત મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) સાવલી, તા. 20

સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથક ની હદમાં આવેલા દોડકા ગામની સીમમાં પસાર થતા ભારતમાલા એક્સપ્રેસ-વે પરથી પસાર થતી ટ્રકમાંથી જિલ્લા એલ સી બી ની ટીમે બાતમી ના આધારે દરોડો પાડી ને 55692 નંગ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ.84,19500 લાખ ના મુદ્દામાલ ઝડપી પાડ્યો છે જ્યારે ફરાર ટ્રક ચાલક ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સાવલી ના દોડકા ગામની સીમમાં પસાર થતા ભારત માલા એક્સપ્રેસ હાઈવે પર ગતરોજ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ ની

ટીમ પેટ્રોલિંગ માં હતી ત્યારે બાતમી મળેલ કે ભાદરવા પોલીસ મથક વિસ્તારમાં દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ-વે પરથી ટાટા આઈશર ટ્રક વિદેશી દારૂનો જથ્થો લઈને પસાર થઈ રહી છે પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે દોડકા ગામની સીમમાં એક્સપ્રેસ-વે પર વોચ ગોઠવી હતી. દરમિયાન RJ-52-GB-1246 નંબરની ટાટા આઈશર ટ્રક દેખાતા તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, ટ્રક ચાલકે ટ્રક ના રોકી ને દોડકા ટોલનાકા પહેલાં ટ્રક રસ્તાની બાજુમાં મૂકી ફરાર થઈ ગયો હતો.

બાગાયતી પાકોની પેદાશ વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતો જોગ

જરૂરી દસ્તાવેજો સાથે નાયબ બાગાયત નિયામક કચેરીમાં અરજી જમા કરાવવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 20

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલ ગુણવત્તાસભર બાગાયતી પાકોની પેદાશ વિદેશમાં નિકાસ કરવા ઈચ્છતા ખેડૂતો એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટસ એક્સ્પોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા(APEDA) ની વેબસાઈટ પર ઓનલાઈન ફાર્મ રજીસ્ટ્રેશન કરવું જરૂરી છે. જે લાભાર્થીઓ બાગાયતી ફ્રેશ ફળ અને શાકભાજી પાક જેવા કે સરગવા, લીલી મરચી વગેરે પેદાશોની વિદેશમાં નિકાસ કરવા માટે લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોકત જણાવેલ વેબસાઈટ પર ફોર્મ રજીસ્ટ્રેશન કરવા પોતાના ૮-અ, ૭ અને ૧૨ નકલ, રેશનકાર્ડ, આધારકાર્ડ, ખેતરનો કાચો નક્શો તથા ફાર્મ ડાયરી સાથે લઈને સમયસર અરજી કરવી તથા અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનીક કાગળો અરજી સાથે નાયબ બાગાયત નિયામકની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા (ફોન.નં. ૦૨૬૫-૨૪૨૯૧૫૩) એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા નાયબ બાગાયત નિયામક, વડોદરાની અખબારી યાદીમાં જણાવાયું છે. વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના બાગાયતી ખેડૂતોને ફળ-શાકભાજીની વિદેશમાં નિકાસ માટે APEDAની વેબસાઈટ પર ઓનલાઈન ફાર્મ નોંધણી કરાવવી ફરજિયાત છે.

શિનોરમાં રહેણાંક વિસ્તાર નજીક બે દીપડા દેખાતા ફફડાટ

પશુઓના પાણીના હોજ પાસે દીપડા કેમેરામાં કેદ

(પ્રતિનિધિ) શિનોર, તા. 20

શિનોર તાલુકાના શિનોર ગામના રહેણાંક વિસ્તાર નજીક બે દીપડા દેખાતા ખેડૂતો અને ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. ખેડૂતો દ્વારા શિનોર ગ્રામ પંચાયતમાં રજૂઆત કરવામાં આવતા પંચાયતે વન વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ શિનોર વન વિભાગે દીપડાઓને પાંજરે પૂરવા માટે પાંજરાં મૂકવાની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે શિનોર-સાધલી મુખ્ય માર્ગ પર પશુઓ માટે બનાવેલા પાણીના હોજ પાસે બે દીપડા પાણી પીવા આવ્યા હતા. ત્યાંથી પસાર થતા એક રાહદારીએ બંને

દીપડાનો વીડિયો મોબાઈલમાં કેદ કર્યો હતો, જે બાદ ગ્રામજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

ચોમાસાની ઋતુ દરમિયાન ખેડૂતોને રાત્રે ખેતીકામ માટે ખેતરોમાં જવું પડતું હોવાથી દીપડાની હાજરીથી જીવના જોખમની દહેશત ફેલાઈ છે. ગ્રામજનોએ દીપડાઓને તાત્કાલિક પાંજરે પૂરવાની માંગ કરી છે. વડોદરા જિલ્લા ભાજપના કો-સાધ્યક્ષ પટેલ સચિનભાઈએ પણ વન વિભાગને રજૂઆત કરીને ખેડૂતોની સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક પાંજરાં ગોઠવવાની માંગ કરી છે. વન વિભાગે સંવેદનશીલ વિસ્તારમાં નજર રાખી જરૂરી કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.